| | | |
|---|---|---|
| Received on dt. | : | 22/12/2022 |
| Registered on dt. | : | 22/12/2022 |
| Decided on dt. | : | 08/07/2023 |
| Duration | : | Y. : M. D.<br>00 06 16 |

==================================================================

**મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ. કલ્યાણપુર.**

==================================================================

**ફોજદારી કેસ નંબર:– ૧૩૩૩/૨૦૨૨.**
**આંક :–**

**ફરિયાદી :** સરકાર શ્રી

**વિરુધ્ધ**

**આરોપી :** માણસીભાઈ વરજાંગભાઈ જોગાણી,
જાતે–ગઢવી, ઉંમર વર્ષ.૪૩,
રહે. ભાટીયા ગામ,
તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિ દ્વારકા.

**ફરિયાદ પક્ષ તરફે :–વિ.એ.પી.પી. શ્રી જે. જે. રાઘવાણી**

**આરોપી તરફે :– વિ.વ.શ્રી એચ.જે.રાઠોડ**

**ગુનો :– પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ) મુજબ...**

**–: ઠ રા વ :–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભાટીયા ગામે પોતાના કબજા ભોગવટામાં દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો લીટર–૨૦૦, કિંમત રૂ. ૪૦૦/– તથા સ્ટીલની ટાંકી આશરે લી.૨૦/– જેની કિંમત રૂા. ૫૦/– એમ કુલ મળી રૂા. ૪૫૦/– નો મુદામાલ રાખી હાજર મળી નહી આવી પ્રોહી. કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કર્યા અંગેની ફરિયાદ

આપવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અં તે આરોપી સામે સદરહું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) સદરહું કામે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના–મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે. સદરહું કામના આરોપી સામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી વાં ચી સમજાવી આંક–૦૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જે અન્વયે આરોપીએ પોતાના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે. આથી સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

**<u>ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૮ | પંચ સાહેદ દિનેશભાઈ જીવાભાઈ ડાભીની જુબાની, |
| (૨) | ૧૦ | તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની જુબાની, |
| (૩) | ૧૩ | પંચ સાહેદ જમનદાસ પેથાભાઈ ભરવાડની જુબાની, |
| (૪) | ૧૫ | ફરિયાદી પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમની જુબાની, |

**<u>ફરિયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૯ | રેઈડ અંગેનું પંચનામુ |
| (૨) | ૧૬ | ફરિયાદ |

(૪) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો પુરો થયેલાનું એ.પી.પી.શ્રીએ મૌખિક વિનં તીથી જાહેર કરતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોઈ આથી આરોપીનું વિશેષ નિવેદન નોં ધવામાં આવેલ છે. તેમાં આરોપીએ પોતાના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું

જણાવી પોતે નિર્દોષ હોઈ છોડી મુકવા વિનંતી કરેલ છે. સદરહું કામે બચાવપક્ષ તરફે સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલ નથી.

(૫) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસની ઉપરોકત હકીકતે હાલના કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભાટીયા ગામે પોતાના કબજા ભોગવટામાં દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો લીટર–૨૦૦, કિંમત રૂ. ૪૦૦/– તથા સ્ટીલની ટાંકી આશરે લી.૨૦/– જેની કિંમત રૂા. ૫૦/– એમ કુલ મળી રૂા. ૪૫૦/– નો રાખી હાજર નહી મળી આવી પ્રોહી કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા સંદર્ભે કારણો અન્વયે કરેલ ચર્ચા મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં.૧.</u>**

(૮.૧) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૫ થી ફરીયાદી પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, '' ગઈ તા. ૨૮/૦૭/૨૦૨૨ ના

રોજ અમો તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર એ રીતેના પો.હે.કો. આર. એન. ગોજીયા સાથે ભાટીયા આ.પો. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ભાટીયા ગામમાં આવતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં ભાટીયા ગામના બાંડીયા કાંઠામાં રહેતા માણસી વરજાંગ જોગાણી રહે. બાંડીયા કાંાઠ ભાટીયાગામ તા. કલ્યાણપુર વાળો દેશી દારૂ બનાવવાની પ્રવૃતિ ચલાવે છે અને હાલ તેની પ્રવૃતિ ચાલુ છે જેથી તુરત જ બે પંચોના માણસો બોલાવી હકીકતની સમજ કરી સાથે રાખી હકીકત વાળી જગ્યા નજીકમં હોય જેથી કલાક ૧ ૫:૩૦ વાગ્યે હકીકત વાળી જગયાએ રેઈડ કરતા સદરહું જગ્યાએ એક ઈસમ હાજર હોય જેનું પંચો રૂબરૂ મજકુરનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ માણસીભાઈ વરજાંગભાઈ જોગાણી, જાતે ગઢવી, ઉ.વ. ૪૩, ધંધો–મજુરી, રહે. બાંડીયા કાંઠા, ભાટીયા ગામ, તા. કલ્યાણપુરવાળો હોવાનું જણાવેલ મજકુરને સાથે રાખી તપાસ કરતા પ્રવાહી ભરેલ કાળા કલરની પ્લાસ્ટીકના કેરબા નંગ–ર જે ૧૦૦ –૧ ૦૦ લીટરના જેમ બન્ને કેરબામાં ૨૦૦ લિટર પ્રવાહી ભરેલ હોય તેમાં રહેલ પ્ર વાહી સુંઘી સુંઘાડી ખાત્રી કરતા તેમાંથી દેશી પીવાના દારૂ બનાવવાના કાચા આથાની તીવ્ર વાસ આવતી હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ બનાવવાનો કાચો આથો આશરે લિટર ૨૦૦ કિંમત રૂા. ૪૦૦/– નો ગણી જે હેરવી ફેરવી શકાય તેમ ન હોય સ્થળ પર કેરબા સહીત ઢોળી ફોળી નાશ કરેલ તેમજ સદરહું જગ્યાએ દારૂ ગાળવાની સ્ટીલની ટાંકી આશરે લિટર ૨૦ ની હોય જેની કિંમત રૂા. ૫૦/– ગણી કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલ હોય અમોએ પો.હે.કો. આર. એન. ગોજીયા રૂબરૂ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામાંા આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દા. આંક–૧૬'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લ ેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી. એ વાત ખરી છે કે, પંચોના નામ હાલ

મને યાદ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં આજુ બાજુમાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવ વાળા સ્થળે મે કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાના માલિકીના દસ્તાવેજો મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, અમો કોઈ રેડમાં ગયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ આપી ખોટી ફરીયાદને આધારે ખોટી જુબાની આપુ છું.'' આમ, સદરહું સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૮.૨) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરિયાદ પક્ષ તરફે સદરહું કામે આંક–૦૮ થી પંચ સાહેદ દિનેશભાઈ જીવાભાઈ ડાભીની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તેમજ આંક–૧૩ થી પંચ સાહેદ જમનદાસ પેથાભાઈ ભરવાડની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે ઉપરોકત પંચ સાહેદે સંલગ્ન રેઈડ અંગેનાં પંચનામાને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસ કરવા પરવાનગી આપેલ હોય, તે અન્વયે સુચક પ્રશ્નો પુછવા છતાં સદરહું પંચ સાહેદે સંલગ્ન પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે સદરહુ કામે આંક–૦૯ થી રજૂ રેઈડ અંગેનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થતું નથી.

(૮.૩) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૦ થી તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે,તે અન્વયે તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ''ગઈ તા. ૨૮/૦૭/૨૦૨૨ ના રોજ અમો તથા પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમ તથા પો.કો. જનકભાઈ કાનાભાઈ કરમુર સાથે ભાટીયા આ.પો. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ભાટીય ગામમાં આવતા પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં ભાટીયા ગામના બાંડીયા કાઠામાં રહેતા માણસીભાઈ

વરજાંગભાઈ જોગાણી દેશીદારૂ બનાવવાની પ્રવૃતિ કરે છે અને હાલ આ પ્રવૃતિ ચાલુ હોય અમોએ બે રાહદારી પંચોના માણસો બોલાવી હકીકતથી સમજ કરી સાથે રાખી હકીકત વાળી જગ્યા નજીકમાં હોય જેથી કલાક ૧૫:૩૦ વાગ્યે હકીકત વાળીજગ્યાએ રેઈડ કરતા સદરહું જગ્યાએ એક ઈસમ હાજર હોય જેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ માણસીભાઈ વરજાંગભાઈ જોગાણી, જાતે ગઢવી, ઉ.વ. ૪૩, ધંધો–મજુરી, રહે. બાંડીયા કાઠા ભાટીયા ગામ, તા. કલ્યાણપુરવાળો હોવાનું જણાવેલ મજકુરને સાથે રાખી તપાસ કરતા પ્ર વાહી ભરેલ કાળા કલરની પ્લાસ્ટીકના કેરબા નંગ–૨ જે ૧૦૦–૧૦૦ લીટરના હોય જે બન્ને કેરબામાં પ્રવાહી ભરેલ હોય જે સુંઘી સુંઘાડી ખાત્રી કરતા તેમાં દેશી પીવાનો દારૂ બનાવવાનો કાચો આથો હોય જેમાંથીએક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ગણી તપાસ અર્થે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ બનાવવાનો કાચો આથો આશરે લિટર ૨૦૦ જેટલો હોય જેની કિંમત રૂા. ૪૦૦/– ગણી જે આથો હેરવી ફેરવી શકાય તેમ ન હોય બન્ને કેરબા સહીત ઢોળી ફોળી નાશ કરેલ સદરહું જગ્યાએ દારૂ ગાળવાની સ્ટિલની ટાંકી આશરે ૨૦ લિટર જેટલી હોય જેની કિં મત રૂા. ૫૦/– ગણી કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલ હોય અમારી સાથેના પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમનાઓએ અમારા રૂબરૂની ફરીયાદ આપેલ જે ફરીયાદ પી.એસ.ઓ. શ્રીએ ગુનો નોંધી આગળની તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, આ કામેની ફરીયાદ મારા રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર હુ પોતે જ છુ. એ વાત ખરી છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ વાત ખરી છેકે, તપાસ દરમ્યાન આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી

છે કે, અમો રેડમાં ગયેલ હોય તે અંગેનો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, હું કયાંય રેઈડ માં ગયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના કબ્જામાંથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી પરંતુ કામગીરી બતાવવા અમારા સહ કર્મચારીની ખોટી ફરીયાદને સમર્થન કરવા, ખોટી તપાસ કરી, સોહદોના ખોટા નિવેદનો નોંધી ખોટુ પંચનામું કરી ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપું છું.'' આમ, સદરહું સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૯) સદરહું કામે ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, આંક–૧૫ થી ફરિયાદી પો.કો. અરજણભાઈ દેવશીભાઈ માડમની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં ફરિયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચોના નામ હાલ તેઓને યાદ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં આજુ બાજુમાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, બનાવ વાળા સ્થળે તેઓએ કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેડ વાળી જગ્યાના માલિકીના દસ્તાવેજો તેઓએ જોયેલ નથી. વિશેષમાં, જયારે સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ બન્ને પં ચ સાહેદોએ ફરિયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારક જુબાની આપેલ નથી, તેમજ પંચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનું જણાવેલ હોય, ત્યારે ફરિયાદીની સોગંદ ઉપરની જુબાનીને પંચ સાહેદોના મૌખિક પુરાવાથી લ ેશમાત્ર સમર્થન મળતું નથી, તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં સદરહું કામે આંક–૧૦ થી તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં

ફરિયાદ પક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વિકારેલ છે કે, આ કામેની ફરીયાદ તેઓના રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર તેઓ પોતે જ છે. એ બાબત સ્વીકારેલ છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, કહેવાતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે. એ બાબત સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ રેડમાં ગયેલ હોય તે અંગેનો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વિશેષમાં, હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. આમ, સદરહું કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, પોલિસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ પંચ સાહેદોનો પુરાવો પોલિસ સાહેદોની જુબાનીથી તદ્દન વિરૂધ્ધનો જણાય આવે છે. એવા સંજોગોમાં જયારે પોલીસ સાહેદો કે જે ફરિયાદ પક્ષના હિત ધરાવનાર સાહેદ હોય, ત્યારે ફકત પોલિસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પં ચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં ફરિયાદપક્ષનો પુરાવો લક્ષમાં લેતાં, રેડ વાળી જગ્યા આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય, ત્યારે ફરિયાદ પક્ષના કેસ મુજબના બનાવવાળા સ્થળની માલીકી, કે કબજો ભોગવટો આરોપીનો હોવાનું ફરિયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

(૧૦) આમ, સદહુ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓ સંદર્ભે કરવામાં આવેલ મૂલ્યાંકન તથા ઉપરોકત વિગતે કરવામાં આવેલ ચર્ચા લક્ષમાં લેતાં, સદરહું કામનાં આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ -૬૫(એફ) મુજબનો ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ દ્ધારા નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે, ફરિયાદ પક્ષ

દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાના આધારે સદરહુ કામે આરોપીને હાલના ગુના અન્વયે આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, ફરિયાદ પક્ષ સદરહુ કામનાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શં કપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, ઉપરોકત વિગતે મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદૃા નં.ર અન્વયે આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

સદરહુ કામનાં આરોપી માણસીભાઈ વરજાંગભાઈ જોગાણી, જાતે–ગઢ વી, ઉંમર વર્ષ.૪૩, રહે. ભાટચીયા ગામ, તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિ દ્વારકાવાળાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ) મુજબના આક્ષેપિત ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કામે કબજે કરવામાં આવેલ મુદૃામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

સદરહું કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ એ ની જોગવાઈ અનુસાર રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવો.

હુકમ, આજ રોજ તારીખ–૦૮, માહે–જુલાઈ, સને– ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ :–કલ્યાણપુર.
તારીખ:–૦૮–૦૭–૨૦૨૩

(Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.